બ્રાન્ડેડ ફ્રેમ •કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪,ત્રિભુવન કોમ્પલેક્ષ,પીઝાહટની બાજુમાં,ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ નોમ શનિવાર ૧૧ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૩

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# ઈરાન-અમેરિકા વચ્ચે મહામંત્રણા પૂર્વે મડાગાંઠ

**પાકિસ્તાનમાં** આજે યોજાનારી રૂબરૂ મંત્રણા પહેલા ભારે અવિશ્વાસનું વાતાવરણ, અખાતમાં હુમલાઓ ચાલુ

**ઇરાને** કહ્યું કે જો ઇઝરાયેલ લેબેનોનમાં હુમલાઓ બંધ નહીં કરે તો શનિવારે મંત્રણા નહીં થાય

**અમેરિકી** ઉપપ્રમુખ વાન્સે ઇરાનને કોઇ પણ રમત રમવા સામે ચેતવણી આપી

**દુબઈ, તા.10 :** ઈરાન અને અમેરિકાના વાટાઘાટકારો શુક્રવારે તેમના ડગમગતા યુદ્ધવિરામ વચ્ચે ઉચ્ચ સ્તરીય મંત્રણા માટે તૈયાર થયા હતા, પાકિસ્તાનામાં શનિવારે આ રૂબરૂ મંત્રણા યોજાવાનો કાર્યક્રમ છે.

## હોર્મુઝનો માર્ગ હજી પણ બંધ, ક્રૂડ ઓઇલ $97 પર પહોંચ્યું

ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાને કારણે તેલના ભાવ આસમાને પહોંચ્યા છે, શેરબજારમાં કડાકો બોલાયો છે અને વિશ્વના અર્થતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. જળમાર્ગ પર તેહરાનનું નિયંત્રણ યુદ્ધમાં તેનો સૌથી મોટો વ્યૂહાત્મક ફાયદો સાબિત થયો છે. આંતરરાષ્ટ્રીય સ્તરના માપદંડ ગણાતા બ્રન્ટ ક્રૂડનો હાજર ભાવ શુક્રવારે આશરે 97 ડોલર હતો, જે યુદ્ધ શરૂ થયા પછી 30 ટકાથી વધુ વધ્યો છે. સંઘર્ષ પહેલા, દરરોજ 100 થી વધુ જહાજો આ સામુદ્રધુનીમાંથી પસાર થતા હતા, જેમાંથી ઘણા એશિયામાં તેલ લઈ જતા હતા. હવે જ્યારે યુદ્ધવિરામ અમલમાં છે, ત્યારે માત્ર 12 જહાજો પસાર થયા હોવાનું નોંધાયું છે. ઇઝરાયેલે લેબેનોન પર હુમલાઓ કરતા ઇરાને ફરીથી આ માર્ગ બંધ કરી દીધો છે.

અહીં હજુ પણ એવા ઘણા મુદ્દાઓ છે જે યુદ્ધવિરામને પાટા પરથી ઉતારી શકે છે, તેમજ યુદ્ધનો કાયમી અંત લાવવા માટે વ્યાપક સમજૂતી માટેની વાટાઘાટોમાં અવરોધ ઉભો કરી શકે છે. રિવોલ્યુશનરી ગાર્ડની નજીક ગણાતી ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી તસ્નીમે દાવો કર્યો હતો કે, જો ઈઝરાયેલ લેબનોનમાં તેના હુમલાઓ બંધ નહીં કરે તો શનિવારે નિર્ધારિત વાટાઘાટો થશે નહીં. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરિયાદ કરી હતી કે ઈરાન સામુદ્રધુનીમાંથી જહાજોની મુક્ત અવરજવરને મંજૂરી ન આપીને ખૂબ જ ખરાબ કામ કરી રહ્યું છે, જ્યાંથી એક સમયે વિશ્વના ૨૦ ટકા તેલનો વેપાર થતો હતો.

દરમિયાન, કુવેતે જણાવ્યું હતું કે ગુરુવારે રાત્રે તેના પર ડ્રોન હુમલો થયો હતો, જેના માટે તેણે ઈરાન અને પ્રદેશમાં તેના સાથી સંગઠનોને જવાબદાર ગણાવ્યા હતા.

જોકે ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે કોઈ પણ હુમલો કર્યાનો ઈનકાર કર્યો હતો, પરંતુ ભૂતકાળમાં તેણે મધ્ય પૂર્વમાં એવા હુમલાઓ કર્યા છે જેની તેણે ક્યારેય જવાબદારી સ્વીકારી નહોતી. તેમ છતાં, ઈરાન અને અમેરિકા વચ્ચેની મંત્રણા માટેની તૈયારીઓ આગળ વધતી જણાતી હતી, જેમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ વોશિંગ્ટનથી પાકિસ્તાન જવા રવાના થયા હતા. તેમણે રવાના થતી વખતે કોઈ પણ રમત રમવા સામે ઈરાનને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે તેણે સકારાત્મક રીતે વાતચીતમાં જોડાવું જોઈએ. દરમિયાન, ઈઝરાયેલ અને લેબનોન વચ્ચેની વાટાઘાટો આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં શરૂ થવાની ધારણા છે, તેમ એક અમેરિકી અધિકારી અને આ યોજનાથી પરિચિત વ્યક્તિએ જણાવ્યું હતું.

ઈરાનના મિસાઈલ અને પરમાણુ કાર્યક્રમોના ભાવિ અંગે પણ પ્રશ્નો યથાવત છે, જેને અમેરિકા અને ઈઝરાયેલે યુદ્ધમાં ઉતરીને ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઈરાનના એક ઉચ્ચ તબીબી અધિકારીએ સરકારી અખબાર 'ઈરાન'ને જણાવ્યું કે, ત્યાં 3,000થી વધુ લોકો માર્યા ગયા છે.

જો કે, ઈરાન સરકાર દ્વારા સપ્તાહભર ચાલેલા આ યુદ્ધમાં થયેલા મૃત્યુનો કોઈ ચોક્કસ આંકડો હજુ સુધી આપવામાં આવ્યો નથી. લેબનોનમાં 1,888થી વધુ લોકોના મોત થયા છે અને 10 લાખ લોકો વિસ્થાપિત થયા છે. ગલ્ફ આરબ દેશો અને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ડઝનથી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ઈઝરાયેલમાં 23 નાગરિકો માર્યા ગયા છે. આ ઉપરાંત, અમેરિકાના 13 સૈનિકો પણ આ સંઘર્ષમાં માર્યા ગયા છે.

## ઇસ્લામાબાદ શહેર કિલ્લામાં ફેરવાયું

**ઇસ્લામાબાદ, તા. 10:** પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં યોજાનારી વાટાઘાટો પૂર્વે સુરક્ષા કડક કરવામાં આવી છે અને વહીવટી કેન્દ્ર ગણાતા રેડ ઝોનને સીલ કરી દેવામાં આવ્યો છે. આ તૈયારીઓના કેન્દ્ર સ્થાને રહેલા પાકિસ્તાની ગૃહમંત્રી મોહસિન નકવીએ જાહેરાત કરી હતી કે આ કાર્યક્રમના સંકલન માટે એક કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી રહી છે. પાકિસ્તાન એક મહત્વપૂર્ણ મધ્યસ્થી તરીકે ઉભરી રહ્યું છે ત્યારે, ઇસ્લામાબાદે 'ઇસ્લામાબાદ મંત્રણા 2026' તરીકે ઓળખાતી આ રાજદ્વારી વાટાઘાટ માટે આવનારા તમામ પ્રતિનિધિઓ અને પત્રકારો માટે 'વિઝા-ઓન-અરાઇવલ'ની જાહેરાત કરી છે. પાકિસ્તાનના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર ઇશાક ડારે X પર લખ્યું, "પાકિસ્તાન 'ઇસ્લામાબાદ ટોક્સ 2026' ના સંબંધમાં પ્રવાસ કરતા સહભાગી દેશોના પત્રકારો સહિત તમામ પ્રતિનિધિઓનું સ્વાગત કરે છે. આ હેતુ માટે,

...અનુસંધાન પાના 11 પર

## જેડી વેન્સ પાકિસ્તાન આવવા રવાના, ઇરાની પ્રતિનિધિમંડળ અંગે ગુંચવાડો

**ઈસ્લામાબાદ, તા. 10 (PTI):** અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ શુક્રવારે ઈરાન સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે શાંતિ મંત્રણામાં ભાગ લેવા પાકિસ્તાન જવા રવાના થયા હતા, જો કે ઈરાની પ્રતિનિધિમંડળના ઈસ્લામાબાદ આગમન અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી નથી, જ્યાં હાલ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી તસ્નીમે અહેવાલ આપ્યો છે કે, જો લેબનન પર ઈઝરાયેલના હુમલા બંધ નહીં થાય, તો તેહરાને ઈસ્લામાબાદમાં યોજાનારી મંત્રણામાંથી ખસી જવાની ધમકી આપી છે. પાકિસ્તાનમાં ઈરાનના રાજદૂત રઝા અમીર મોગદમે ગુરુવારે પુષ્ટિ કરી હતી કે 10 સભ્યોનું ઈરાની પ્રતિનિધિમંડળ ઈસ્લામાબાદ પહોંચશે.

...અનુસંધાન પાના 11 પર



## તહેરાનમાં વિશાળ વિજય પરેડ યોજાઈ

**ભૂતપૂર્વ** સુપ્રીમ લીડર અલી ખામેનીના ચાલીસા પ્રસંગે ઇરાનમાં ઠેર ઠેર વિશાળ રેલીઓ યોજવામાં આવી

**તહેરાન, તા. 10:** ઇરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખમેનીના મૃત્યુના શોકમાં હજારો ઈરાનીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે, જે સમયે અમેરિકા અને ઈઝરાયેલ સાથેના યુદ્ધવિરામની આશાઓ ધૂંધળી થતી જણાય છે.

28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં ખમેનીના મૃત્યુ બાદ, સમગ્ર દેશમાં યોજાયેલી રેલીઓમાં તેમના સમર્થકો તેમના ચિત્રો અને ઈસ્લામિક રિપબ્લિકના ધ્વજ સાથે જોવા મળ્યા હતા. આ આયોજન તેમના મૃત્યુના 40 દિવસનો શોકગાળો પૂર્ણ થવા પર કરવામાં આવ્યું છે. તહેરાનની વિશાળ રેલીનું સ્વરૂપ વિજય પરેડ જેવું હતું.

રાજધાની તેહરાન, ઉત્તર-પશ્ચિમ શહેર ઉર્મિયા અને ઉત્તર-પૂર્વીય ગોરગાનમાં વિશાળ મેળાવડા થયા હતા. તેહરાનમાં

...અનુસંધાન પાના 11 પર

## આવતા મહિને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો ભારતની મુલાકાતે

**વિદેશ** સચિવ વિક્રમ મિસરીની વ્હાઇટ હાઉસમાં ઉચ્ચ સ્તરીય બેઠક

**સંરક્ષણ,** મહત્વના ખનિજો, ક્વાડ અને પર્શિયન ગલ્ફની સ્થિતિ અંગે થઇ ચર્ચા

**વોશિંગ્ટન, તા. 10 (PTI):** ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો વચ્ચે વોશિંગ્ટન ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આગામી મે મહિનામાં રુબિયો ભારતની મુલાકાતે આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

ત્રણ દિવસની અમેરિકા મુલાકાતે ગયેલા મિસરીએ વ્હાઈટ હાઉસમાં રુબિયો સાથે વેપાર, સંરક્ષણ, ક્વાડ અને મહત્ત્વના ખનિજો સહિતના વિવિધ મુદ્દાઓ પર ફળદાયી ચર્ચા કરી હતી. ભારત-અમેરિકા વચ્ચેની વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવાના હેતુથી આ બેઠક યોજાઈ હતી.

આ મુલાકાત દરમિયાન મિસરીએ અમેરિકાના ડેપ્યુટી સેક્રેટરી ક્રિસ્ટોફર લેન્ડૌ અને અંડર સેક્રેટરી એલિસન હૂકર સાથે પણ અલગ-અલગ બેઠકો કરી હતી. આ બેઠકોમાં પર્શિયન ગલ્ફની વર્તમાન સ્થિતિ અને પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. એલિસન હૂકરે જણાવ્યું હતું કે, બંને દેશો સુરક્ષા અને અર્થતંત્રના ક્ષેત્રમાં ગાઢ રીતે કામ કરવાના વ્યવહારુ રસ્તાઓ શોધી રહ્યા છે, જેમાં ક્વાડની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહેશે.

નોંધનીય છે કે, આ રાજદ્વારી ગતિવિધિઓ એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકાના ઉપ-પ્રમુખ જેડી વેન્સ ઈરાન સાથેની શાંતિ મંત્રણા માટે ઈસ્લામાબાદમાં એક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. પાકિસ્તાનની મધ્યસ્થીથી થયેલા 2 સપ્તાહના યુદ્ધવિરામ બાદ પ્રાદેશિક સુરક્ષા માટે ભારત અને અમેરિકા વચ્ચેનો આ સંવાદ ઘણો મહત્વનો માનવામાં આવે છે. આગામી મહિને માર્કો રુબિયોની ભારત મુલાકાતથી આર્થિક અને લશ્કરી સહયોગના નવા દ્વાર ખુલશે તેવી અપેક્ષા છે.

## સીસીટીવી વડે ભારતીય સેનાની હિલચાલની જાસૂસીનું કૌભાંડ પકડાયું

**૧૧ની** ધરપકડ, ભૂમિદળની છાવણીઓ ધરાવતા ઉત્તર ભારતના શહેરોમાં સોલાર સીસીટીવીનું માળખું ગોઠવવામાં આવ્યું હતું

**આ CCTV** નેટવર્કના લાઇવ ફૂટેજ પાકિસ્તાનમાં હેન્ડલરોને દેખાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી

**પાકિસ્તાની** જાસૂસી સંસ્થા આઇએસઆઇની મદદથી આ જાસૂસી નેટવર્ક ચાલતું હતું

નવી દિલ્હી, તા. 10(PTI): પાકિસ્તાન સાથે સીધો સંબંધ ધરાવતા એક જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે. આ નેટવર્ક દ્વારા સરહદ પાર બેઠેલા હેન્ડલર્સ ઉત્તર ભારતના વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ સ્થળો પર લગાવવામાં આવેલા સોલર-સંચાલિત CCTV કેમેરાના છૂપા ગ્રીડ દ્વારા ભારતીય સેનાના જવાનોની હિલચાલ પર રિયલ-ટાઇમ દેખરેખ રાખતા હતા, તેમ શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

આ દેખરેખ નેટવર્ક પંજાબના કપૂરથલા, જલંધર, પઠાણકોટ, પટિયાલા અને મોગા; હરિયાણાના અંબાલા; જમ્મુ-કાશ્મીરના કઠુઆ; અને રાજસ્થાનના બીકાનેર અને અલવર જેવા મુખ્ય શહેરોમાં ફેલાયેલું હતું. આ તમામ સ્થળો આર્મી કેન્ટોનમેન્ટની હાજરી, આંતરરાષ્ટ્રીય સરહદની નિકટતા અને સૈન્ય હિલચાલ તથા લોજિસ્ટિક્સ કોરિડોર તરીકેની તેમની ભૂમિકાને કારણે અત્યંત મહત્વના છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેમેરા જાણી જોઈને સૈન્ય સંસ્થાઓ, સૈનિકોની અવરજવર માટે વપરાતા હાઈવે અને

...અનુસંધાન પાના 11 પર

### સંવેદનશીલ વિસ્તારોમાં સોલાર સીસીટીવી નેટવર્ક ગોઠવવામાં આવ્યું હતું

સોલર-સંચાલિત CCTV કેમેરાના ઉપયોગથી અંતરિયાળ અથવા ઓછા પ્રવેશ ધરાવતા વિસ્તારોમાં પણ અવિરત દેખરેખ સુનિશ્ચિત થઈ હતી, જેનાથી તેમની ભાળ મેળવવી મુશ્કેલ બની હતી અને નેટવર્ક પરંપરાગત પાવર સ્ત્રોતો પર નિર્ભર રહ્યા વગર સતત કાર્ય કરી શકતું હતું. એડિશનલ પોલીસ કમિશનર (સ્પેશિયલ સેલ) પ્રમોદ સિંહ કુશવાહે જણાવ્યું હતું કે, કેમેરામાં નકલી ઓળખનો ઉપયોગ કરીને મેળવેલા સિમ કાર્ડ ફીટ કરવામાં આવ્યા હતા અને તેને મોબાઈલ એપ્લિકેશન સાથે લિંક કરવામાં આવ્યા હતા, જેનાથી સરહદ પાર ફૂટેજનું સીમલેસ રિયલ-ટાઇમ ટ્રાન્સમિશન શક્ય બન્યું હતું. પોલીસે જણાવ્યું કે આરોપીઓએ ઉપકરણો લગાવતા પહેલા વિગતવાર રેકી કરી હતી, જેમાં આર્મી કેન્ટોનમેન્ટ, સરહદી રસ્તાઓ અને સુરક્ષા દળોના અવરજવરના માર્ગો સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવા પોઈન્ટ્સની કાળજીપૂર્વક પસંદગી કરી હતી. ત્યારબાદ આ ફૂટેજનું પાકિસ્તાનમાં હેન્ડલર્સ

...અનુસંધાન પાના 11 પર

### ડિજિટલ ફ્રોડ પર RBIની 'બ્રેક'

## 10,000થી વધુના ટ્રાન્ઝેક્શનમાં 1 કલાકનો વિલંબ થઈ શકે છે

**છેતરપિંડી** કરનારાઓ મનોવૈજ્ઞાનિક દબાણ લાવીને ઉતાવળમાં નાણા ટ્રાન્સફર કરાવે છે તે રોકવા નવી વ્યવસ્થાની દરખાસ્ત

**ડિજિટલ** ટ્રાન્ઝેક્શનો તરત થઇ જતા હોવાથી નિર્દોષ ગ્રાહકો ઘણા નાણા ગુમાવે છે, નવી વ્યવસ્થા માટે ૮ મે સુધી જનતાના સૂચનો મંગાવાયા

**મુંબઈ, તા. 10 :** ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ એક મુખ્ય વિશેષતા પર ટકી છેઃ ઝડપ. ભલે તે બિલના પૈસા ભરવાના હોય, ઘરનું ભાડું ચૂકવવાનું હોય કે કટોકટીમાં નાણાં મોકલવાના હોય, UPI સફળ છે કારણ કે તે ત્વરિત છે. પરંતુ આ મુખ્ય વિશેષતા ટૂંક સમયમાં બદલાઈ શકે છે, ઓછામાં ઓછું અમુક વ્યવહારો માટે. ડિજિટલ પેમેન્ટમાં વધતી જતી છેતરપિંડી અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય રિઝર્વ બેંક (RBI)એ અમુક ડિજિટલ પેમેન્ટ્સ માટે એક કલાકના વિલંબની દરખાસ્ત રજૂ કરી છે.

આ દરખાસ્ત પેમેન્ટ પ્રોસેસ કરવાની રીતમાં એક વિરામ રજૂ કરે છે. જો અમલમાં આવે તો, અન્ય વ્યક્તિને મોકલવામાં આવતા રૂ. ૧૦,૦૦૦ થી વધુના વ્યવહારો તરત જ પૂર્ણ થશે નહીં. પૈસા મોકલનારના ખાતામાંથી તરત જ કાપી લેવામાં આવશે, પરંતુ પ્રાપ્તકર્તાના ખાતામાં જમા થતા પહેલા બેંક દ્વારા તેને એક કલાક સુધી રોકી રાખવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, મોકલનાર પાસે વ્યવહાર રદ કરવાનો વિકલ્પ હશે. આ વિલંબ મુખ્યત્વે વ્યક્તિ-થી-વ્યક્તિ (P2P) ટ્રાન્સફર પર લાગુ થવાની અપેક્ષા છે. દુકાનમાં QR કોડ સ્કેન કરવા જેવા વેપારીઓને કરવામાં આવતા પેમેન્ટ્સ અપ્રભાવિત રહેવાની શક્યતા છે. પરિણામે, રોજિંદા ઉપયોગ માટે આ સિસ્ટમ પહેલાની જેમ જ ત્વરિત રહેશે, પરંતુ વ્યક્તિગત રીતે કરવામાં આવતા મોટા વ્યવહારોમાં થોડો વિરામ આવશે.

ટૂંક સમયમાં એવું બની શકે છે કે તમારા 10 હજારથી વધુના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન તરત જ પૂર્ણ નહીં થાય. તેમાં 1 કલાકનો વિલંબ થઈ શકે છે. આનાથી ગ્રાહકોને ખોટા ટ્રાન્ઝેક્શન અટકાવવા અથવા કેન્સલ કરવાની તક મળશે. દેશમાં વધતા ડિજિટલ ફ્રોડને રોકવા માટે RBIએ આ પ્રસ્તાવ રાખ્યો છે. RBIનું માનવું છે કે છેતરપિંડી કરનારાઓ ઘણીવાર મનોવૈજ્ઞાનિક દબાણ બનાવીને ઉતાવળમાં પૈસા ટ્રાન્સફર કરાવે છે, આ વિલંબ તે દબાણને ખતમ કરશે. હાલમાં મોટાભાગના ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરત જ થાય છે, જેના કારણે યુઝરને વિચારવાની કે ભૂલ સુધારવાની તક મળતી નથી. એક્સપર્ટ્સનું માનવું છે કે ફરજિયાત વિલંબથી થોડી અસુવિધા થઈ શકે છે, પરંતુ સુરક્ષા માટે આ જરૂરી છે. RBIએ આ મુદ્દે 8 મે સુધીમાં જનતાના સૂચનો માંગ્યા છે.

તા. ૧૦-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૨° સે. | ૨૨.૦° સે. | ૧૫% |

## વૃંદાવનમાં પ્રવાસીઓની બોટ યમુનામાં પલટી જતાં 10નાં મોત

**હોડીમાં** પંજાબથી આવેલા 32 પ્રવાસીઓ સવાર હતાં

**16 થી 17** લોકોને સુરક્ષિત બચાવી લેવાયા, 3થી 4 લોકો હજુ પણ ગુમ હોવાની આશંકા

હોડીમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો હતા અને પોન્ટૂન સાથે અથડાવાથી સર્જાયો અકસ્માત

**મથુરા, તા. 10 (PTI):** વૃંદાવનમાં શુક્રવારે બપોરે યમુના નદીમાં શ્રદ્ધાળુઓથી ભરેલી હોડી પલટી જવાની કરુણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 10 લોકોના મોત થયા છે. મૃતકોમાં 6 પુરુષો અને 4 મહિલાઓનો સમાવેશ થાય છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પુષ્ટિ કરી છે કે આ હોડીમાં પંજાબના જગરાંવ શહેરના કુલ 32 પ્રવાસીઓ સવાર હતા, જેઓ વૃંદાવન દર્શન માટે આવ્યા હતા.

આ અકસ્માત કેસી ઘાટ પાસે થયો હતો. હોડી ક્ષમતા કરતા વધુ ભરેલી હોવાને કારણે અને જોરદાર પવનને લીધે અસ્થિર થઈ ગઈ હતી. ઊંડા પાણીમાં ગયા બાદ તે નદીમાં તરતા એક પોન્ટૂન (લોખંડના ડ્રમ) સાથે અથડાઈ અને પલટી ગઈ હતી. તાજેતરમાં જ ત્યાંથી પોન્ટૂન બ્રિજ હટાવવામાં આવ્યો હતો, પરંતુ તેના કેટલાક ડ્રમ નદીમાં જ રહી ગયા હતા જે જીવલેણ સાબિત થયા.

અત્યાર સુધીમાં 16 થી 17 લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે, જ્યારે 3થી 4 લોકો હજુ પણ ગુમ હોવાની આશંકા છે. બચાવ કામગીરીમાં એનડીઆરએફ, એસડીઆરએફ અને સ્થાનિક મરજીવાઓ ઉપરાંત હવે ભારતીય સેના, સિવિલ ડિફેન્સ અને ફાયર સર્વિસની ટીમો પણ જોડાઈ છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુર્ઘટના અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે અને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર આપવાના આદેશ આપ્યા છે. લુધિયાણા પ્રશાસન દ્વારા મદદ માટે વિશેષ કંટ્રોલ રૂમ (નંબરઃ 01624223226

...અનુસંધાન પાના 11 પર